વિકસતિ જાતિ કલ્યાણ ખાતા હસ્તકની ગ્રાન્ટ ઇન એઇડ આશ્રમશાળાઓમાં સ્માર્ટ સ્કૂલ ઇ-લર્નિંગ પ્રોજેક્ટ શરૂ કરવા અંગેની ગ્રાન્ટ ફાળવણી GIL ખાતે પાર્ક કરવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃઅસમ/૧૦૨૦૧૬/૮૮૨/અ.૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ- /03/૨૦૧૭

2 8 MAR 2017

વંચાણમાં લીધાઃ-

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા. ૨૧/૦૪/૨૦૧૬ નો ઠરાવ ક્રમાંકઃ અસમ/૧૦૨૦૧૬/ન.બા.૪૬/અ.૧

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા. ૨૫/૦૪/૨૦૧૬ નો ઠરાવ ક્રમાંકઃ અસમ/૧૦૨૦૧૬/ન.બા.૪૭/અ.૧

(૨) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતાનો તા.૧૭/03/૨૦૧૭ નો પત્ર ક્રમાંક : વિજાક/અમશ/સ્માર્ટ સ્કૂલ/૨૦૧૬-૧૭/૬૬

ઠ રા વઃ-

વિકસતિ જાતિ કલ્યાણ ખાતા હસ્તકની સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની ૧૭૧ અને વિચરતિ વિમુક્ત જાતિની ૧૭ એમ કુલ ૧૮૮ ગ્રાન્ટ ઇન એઇડ આશ્રમશાળાઓમાં સ્માર્ટ સ્કૂલ ઇ-લર્નિંગ પ્રોજેક્ટ અંતર્ગત દરેક આશ્રમશાળા માટે વંચાણે લીધેલ ક્રમાંક (૧) ના તા.૨૧/૦૪/૨૦૧૬ અને વંચાણે લીધેલ ક્રમાંક (૨) ના તા.૨૫/૦૪/૨૦૧૬ના ઠરાવથી કોમ્પ્યુટર હાર્ડવેર/સાધન સામગ્રી ખરીદવા વહીવટી મંજુરી આપવામાં આવેલ છે. ઉક્ત બાબતે નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ને પૂર્ણ થવામાં નહીંવત દિવસો બાકી હોઇ તેમજ કોમ્પ્યુટર હાર્ડવેર/સાધન સામગ્રીની ખરીદી કરી દરેક આશ્રમશાળામાં ઇન્સ્ટોલેશન કરવાની પ્રક્રિયા પૂર્ણ થવામાં સમય લાગે તેમ હોઇ, વંચાણે લીધેલ ક્રમાંક (3) હેઠળના નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતાના તા.૧૭/03/૨૦૧૭ના પત્રથી, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની ૧૭૧ ગ્રાન્ટ ઇન એઇડ આશ્રમશાળાઓની રૂ.૧૨૮૨.૫૦ લાખ તથા વિચરતિ-વિમુક્ત જાતિની ૧૭ ગ્રાન્ટ ઇન એઇડ આશ્રમશાળાઓની રૂ.૧૨૭.૫૦ લાખ મળી કુલ ગ્રાન્ટ રૂ,૧૪૧૦.00 લાખ GIL, ગાંધીનગરના હવાલે મુકવાની દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાના અંતે વિકસતિ જાતિ કલ્યાણ ખાતા હસ્તકની સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની ૧૭૧ અને વિચરતિ વિમુક્ત જાતિની ૧૭ એમ કુલ ૧૮૮ ગ્રાન્ટ ઇન એઇડ આશ્રમશાળાઓમાં સ્માર્ટ સ્કૂલ ઇ-લર્નિંગ પ્રોજેક્ટ અંતર્ગત કોમ્પ્યુટર હાર્ડવેર/સાધન સામગ્રી ખરીદવા માટેની કુલ રૂ.૧૪૧૦.૦૦ લાખની રકમ વર્ષઃ- ૨૦૧૬-૧૭ની બજેટ જોગવાઇમાંથી GIL, ગાંધીનગર ખાતે પાર્ક કરવાની નીચેની શરતોને આધિન મંજૂરી આપવામાં આવે છે.

શરતોઃ-

1. જમા રકમ અંગે તા.૩૦/૦૬/૨૦૧૭ સુધીમાં અચૂકપણે ખર્ચ/ચુકવણું કરવાનું રહેશે.
2. જમા કરાવેલ રકમ GSFC ખાતે ડીપોઝીટ તરીકે મુકવાની રહેશે.
3. GSFC માં પાર્ક કરેલી રકમ ઉપર મળેલ વ્યાજની રકમ રાજ્ય સરકાર ખાતે બજેટ સદર ૦૦૪૯-૦૪-૮૦૦-૨૧ હેઠળ અચૂકપણે જમા થાય તે જોવાનું રહેશે.
4. આ ગ્રાન્ટમાંથી જે હેતુ માટે ગ્રાન્ટ મંજૂર કરવામાં આવેલ છે તે હેતુ માટે જ વાપરવાની રહેશે.
5. ખર્ચ/ચૂકવણું કર્યા બાદ વધતી રકમ રાજ્ય સરકારમાં પરત જમા કરાવવાની રહેશે.

આ હુકમો સમાનાંકી ફાઇલ ઉપર નાણાં વિભાગની તા.૨૮/૦૩/૨૦૧૭ની નોંધથી મળેલ મંજૂરીથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( ભાવિન પટેલ )
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,
નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

**નકલ રવાના :**

- માન.મંત્રીશ્રી (સા.ન્યાય)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી (સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી (સા.ન્યાય)ના અંગત સચિવશ્રી, સા.ન્યા.અને અધિ.વિ., સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી(આ.બા.) ના અંગત સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક સચિવશ્રી (વિ.જા.)ના અંગત સચિવશ્રી, સા.ન્યા.અને અધિ.વિ., સચિવાલય, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ

- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
- નિવાસી તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર
- નિયામકશ્રી (ઇ-ગવર્નન્સ ), ગુજરાત ઇન્ફોર્મેટીકસ લી.,ગાંધીનગર
- સર્વે જીલ્લા તિજોરી અધિકારીશ્રીઓ (નિયા.(વિ.જા.) મારફત)
- નાણાં સલાહકારશ્રી, (સા.ન્યા.અને અધિ.વિ.) સચિવાલય, ગાંધીનગર.
- સર્વે જિલ્લા નાયબ નિયામકશ્રીઓ/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ (નિયા.(વિ.જા.) મારફત)
- સેકશન અધિકારીશ્રી, અ, ગ, છ, બ શાખા સા.ન્યા.અને અ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ શાખા સા.ન્યા.અને અ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટ પર મુકવાની વિનંતી સહ
- નાયબ સેકશન અધિકારી સિલેક્ટ ફાઇલ-૨૦૧૭